# સામાજિક પરિવર્તન અને નારી નેતૃત્વ




જીમ્મી સી. ડાભી

લેરી રેનહાર્ડ



HDRC

1977

St. Xavier's Non-Formal Education Society

માનવ વિકાસ અને સંશોધન કેન્દ્ર

અમદાવાદ

# પ્રસ્તાવના

આ પુસ્તક સૌ પ્રથમ ૨૦૧૬માં અંગ્રેજીમાં લખાયું જે માનવ વિકાસ અને સંશોધન કેન્દ્ર દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

આ પુસ્તકને મૂળ અંગ્રેજી પુસ્તકના આધારે સંક્ષિપ્ત કરાયું છે અને એમાં કેટ્રીનલ ડૂન્કાનું ઘણું મોટું યોગદાન રહ્યું છે. પુસ્તકને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરાવ્યું અને એને મઠારવામાં પ્રો. પુરણ મકવાણાનો ફાળો બીરદાવવો રહ્યો.

આ પુસ્તક સામાજીક પરિવર્તન અને એની પ્રક્રિયામાં વાચકોને મદદરૂપ નીવડશે એવી અપેક્ષા રાખું છું. આ પુસ્તકમાં સમાવેશી આગેવાનીની છણાવટ કરવામાં આવી છે અને સ્ત્રી આગેવાનોને એ દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આશા છે કે સમાવેશી સમાજ પરિવર્તનમાં અને આગેવાની ઉભી કરવામાં જોતરાયેલ લોકો, વિદ્યાર્થી, સંસ્થાઓ તથા નાગરિકોને આ પુસ્તક ઉપયોગી નીવડશે.

સમાવેશી આગેવાની સામાજીક પરિવર્તનમાં એટલી જ અગત્યની છે આથી એ પણ આશા છે કે જે સિદ્ધાંતો અને અમલીકરણની અહીં વાત થઇ છે એ આગેવાની લેનાર અને એની તાલીમ આપનારાઓને ભાથારૂપ બનશે.

જીમ્મી રેગીના સીરીલ ડાભી, એસ.જે.

# અમો આભારી છીએ../સ્વીકૃતિ

ઘણાં લોકોના સહકાર અને સહયોગ તેમજ ટીમવર્ક (જૂથ કાર્ય) વગર એકશન રિસર્ચ (કાર્યકારી સંશોધન) કરવું શકય નથી. આ સંશોધન કાર્યની દરેકે દરેક પ્રક્રિયામાં વ્યકિતઓ, જૂથો અને સંસ્થાઓ દ્વારા અમને મળેલી મદદ બદલ અમો તેમના આભારી છીએ. અમે માનીએ છીએ કે માહિતી અને અનુભવના આદાન-પ્રદાનથી જ્ઞાન મેળવવામાં મદદ મળે છે અને જ્ઞાનથી કાર્ય કરવામાં મદદ મળે છે. મહિલા નેતાઓ, તેમના સહયોગીઓ અને તેઓ જેમની સાથે કામ કરે છે તે લોકોએ આ શીખ અને જ્ઞાન નિર્માણના પ્રયત્નોમાં ઉદારતાથી પૂરતું યોગદાન આપ્યું છે.

આ સંશોધન કાર્યમાં જે મહિલાઓ અને પુરુષોએ સહભાગી બની સામાજિક પરિવર્તન અને પરિવર્તનકારી નેતૃત્ત્વની સમજ અને અભ્યાસ માટે ફાળો આપ્યો છે તે સર્વેના અમો આભારી છીએ. નેતાઓ અને તેમના સહયોગીઓએ અમારી સમજ બનાવવામાં ખાસ કરીને વિકાસ ક્ષેત્રની સમજ બનાવવામાં અને ઈનપુટનું આદાન-પ્રદાન કરવામાં ઉદાર અને નમ્રભાવે ફાળો આપ્યો છે. જ્યારે બીજા લોકો સાથે સત્તા/શકિતનું આદાન-પ્રદાન કરવામાં આવે ત્યારે  તે સમર્થ બનાવે છે અને આ મહિલાઓ અને પુરુષો દ્વારા તેવું કરવામાં આવ્યું છે. આથી અમે તેઓએ ભજવેલી આવી ભૂમિકા બદલ અમો તેમના આભારી છીએ.

અમે જૂથો અને સંગઠનો/સંસ્થાઓ કે જેમણે આ સંશોધન માટે અસંખ્ય લોકો સાથે ક્રિયાપ્રતિક્રિયાઓ કરવા માટેની સુવિધાઓ પૂરી પાડી તેમના પણ આભારી છીએ.

આ સંશોધન હાથ ધરવા માટે મિઝેરીઓર, જર્મનીએ માનવ વિકાસ અને સંશોધન કેન્દ્ર (Human Development and Research Centre (H.D.R.C.) ને જે સહાય પૂરી પાડી તે બદલ અમે તેમને ધન્યવાદ પાઠવીએ છીએ. અમે આને ગુજરાત અને ભારતમાં સામાજિક પરિવર્તન અને પરિવર્તનકારી નેતૃત્ત્વને પ્રોત્સાહન આપનારા મહત્વનાં આધાર તરીકે માનીએ છીએ.

અમે જાહેર લોકમત ટીમ દ્વારા આ સંશોધન માટેની આંકડાકીય માહિતીના એકત્રીકરણમાં કરવામાં આવેલી મદદ બદલ તેને આવકારીએ છીએ. અમને સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના ડૉ. કેટ્રીનલ ડૂન્કાએ સાહિત્ય સમીક્ષા અને દસ્તાવેજના સંપાદન કાર્યમાં આપેલા અમૂલ્ય યોગદાન અને ફાહમિદા હક મીમે સંશોધનનો અહેવાલ તૈયાર કરવાની પ્રક્રિયા દરમિયાન આંકડાકીય માહિતીના અને દસ્તાવેજોના વર્ગીકરણમાં કરેલી અમૂલ્ય સહાય બદલ અમે તેઓને આવકારીએ છીએ અને તેમનો હાર્દિક આભાર માનીએ છીએ. એચ.ડી.આર.સી.ના સંશોધન અને તાલીમ એકમના પ્રિયંકા ક્રિશ્ચિયનનો સંસ્થાઓની મુલાકાત, નેતાઓનો સંપર્ક કરવા બદલ અને તેમના ડેટા ટેબલો અને વિશ્લેષણ કાર્ય બદલ ખૂબ જ આભાર માનીએ છીએ. અમે સુનિતા મેન્ડોન્ઝા, એચ.ડી.આર.સી.એ ક્ષેત્રિય મુલાકાતો માટેનું સંકલન, મહિલા નેતાઓ અને માહિતી એકત્રીકરણ

જૂથ સાથે સંપર્ક સાધવામાં કરેલી અમૂલ્ય સહાય બદલ તેમને ધન્યવાદ પાઠવીએ છીએ, એચ.ડી.આર.સી.ના મિનાક્ષી પટેલીયાનો ગુજરાતી માહિતીનું સુંદર અનુલેખન કરવા બદલ આભાર માનીએ છીએ. પ્રો. પુરણ મકવાણા, (સેંટ ઝેવિયર્સ કૉલેજ)નો આભાર માનવાનો કેમ ભૂલાય!! એમણે આ પુસ્તકનું પ્રુફ રીડીંગ કરવામાં અમારી મદદ કરી છે.

અમે અમારી સંશોધન સમિતિ શ્રી. તારા સિંહા, પર્સિસ જીનવાલા અને શ્રી પ્રસાદ ચાકો (એચ.ડી.આર.સી.ના નિયામકશ્રી) એ મહત્વના અંતરાલો પર આ સંશોધનને આપેલા માર્ગદર્શન અને આ અભ્યાસની સમગ્ર પ્રક્રિયાને પડકારવા અને સહાય કરવા બદલ તેમના ઋણી છીએ.

સંસ્થાકીય સહાય અને ટેકા વગર આવા સંશોધનના પ્રયાસો હંમેશાં શક્ય બનતાં નથી. અમે સેન્ટ ઝેવિયર્સની અનૌપચારિક શિક્ષણ સમાજના ગવર્નિંગ બોર્ડ કે જે અંતર્ગત એચ.ડી.આર.સી. કાર્યરત છે તેના પણ આભારી છીએ. એચ.ડી.આર.સી.ના નિયામક શ્રી પ્રસાદ ચાકોની આગેવાની હેઠળના આ સંશોધન માટેના તેમના પરામર્શ, પડકારો અને સહાય થકી આ સંશોધન સંભવ અને યથા યોગ્ય બન્યો છે.

સંશોધન પ્રક્રિયા એક પડકારજનક શીખનો અનુભવ રહ્યો છે. આ પ્રક્રિયામાં સહકાર અને મદદરૂપ બનનારાઓ તમામનો અંતઃકરણથી આભાર અને એવા પણ ઘણાં લોકો છે, જેઓએ આ સંશોધન દરમિયાન મહત્વનું યોગદાન આપ્યું છે. પરંતુ અહીં તેમના નામનો ઉલ્લેખ કરી શકાયો નથી તેઓ સર્વેનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.


ફરી એકવાર દરેકનો અને બધાનો આભાર, शुक्रिया અને Thank You.

લેરી રેનહાર્ડ,

જીમ્મી રેગીના સીરીલ ડાભી, એસ. જે.



**જીમ્મી સી. ડાભી** હ્યુમન ડેવલપમેન્ટ એન્ડ રીસર્ચ સેન્ટર (માનવ વિકાસ અને સંશોધન કેન્દ્ર), અમદાવાદના સંશોધન વિભાગમાં નિયામક તરીકે ફરજ બજાવે છે. તેઓ કાબુલમાં અફઘાનિસ્તાન રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટમાં કન્ટ્રી ડિરેક્ટર (રાષ્ટ્રીય નિયામક) તરીકે અને રેહાત અને બામિયાન યુનિવર્સિટીમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓ સમાજશાસ્ત્ર, સામાજિક સંશોધન અને વિકાસ મેનેજમેન્ટ શીખવતા હતા. ઉપરાંત તેઓએ દિલ્હીના ઈન્ડિયન સોશ્યલ ઇન્સ્ટિટ્યૂટમાં નિયામક તરીકે ફરજ બજાવેલ છે. તેઓ ઈન્ડિયન સોસાયટી ફોર અપ્લાઈડ બિહેવિયરલ સાયન્સમાં પ્રોફેશનલ મેમ્બર પણ છે. હાલમાં તેઓ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં બોર્ડ ઓફ સ્ટડીસના સભ્ય છે અને અમૃત મોદી સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ યુનિવર્સિટીમાં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે સેવા બજાવે છે. તેઓ ૨૦૧૪થી ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદના બીજા વર્ષના વિદ્યાર્થીઓને 'ભૂમિકા' અને 'ઓળખ' વિષયના ક્રેડિટ કોર્સમાં અને એ જ સંસ્થામાં પી.જી.એક્સ. પ્રોગ્રામમાં 'પોટેન્શ્યલ પોર પરફોર્મન્સ' કોર્સમાં ભણાવતી પ્રોફેશનલ ટીમમાં છે. ભારત અને અફઘાનિસ્તાનના સંદર્ભમાં તેમણે ઘણા લેખો લખ્યા છે તે ઉપરાંત શૈક્ષણિક પુસ્તકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, જેન્ડર અને વિકાસના મુદ્દે પણ ઘણું લખ્યું છે. તેમની શૈક્ષણિક લાયકાત બી.એ. 'તત્ત્વજ્ઞાન અને સમાજશાસ્ત્ર'માં લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સથી, એમ.એસ.સી. 'સ્વૈચ્છિક સંસ્થા' વિષય પર અને પી.એચ.ડી. 'સ્વૈચ્છિક સંસ્થાની સંસ્કૃતિ અને અસરકારતા' એ વિષય પર કરેલ છે.



**લેરી રેનહાર્ડ,** હેલ્થ કૅર કન્સલ્ટન્ટ છે. સ્ટેનફર્ડ યુનિવર્સિટીના અન્ડર ગ્રેજ્યુએશનના પોતાના અભ્યાસકાળ દરમિયાન તેઓએ પોતાની અભિરુચિ પ્રમાણે તેમનો સમય જાહેર આરોગ્યના મુદ્દે ફાળવવાનો પ્રારંભ કર્યો હતો. જ્યાં તેઓએ આરોગ્ય અને પર્યાવરણ વચ્ચેના સંબંધ વિશે પોતાની વિશિષ્ટ રુચિ કેળવી. જેમાં તેમને તકનીકી કૌશલ મેનેજમેન્ટ સાયન્સીસ અને એન્જિનિયરિંગની ડિગ્રી સહાયરૂપ બની છે.

આરોગ્ય સંભાળના ક્ષેત્રમાં કામ કરવા દરમિયાન, લેરીએ લીન લીડરશીપની માન્યતા પ્રાપ્ત કરી જેના થકી તેઓ આરોગ્ય સંભાળ વ્યવસ્થાપનમાં સુધારાની પ્રક્રિયા અને પોતાના દેશભરમાં વિવિધ હેલ્થ કૅર સિસ્ટમમાં વસ્તી આરોગ્ય પહેલ માટે જ્ઞાન અને નિપૂણતા કેળવી શક્યા.

લેરીએ હેલ્થ કૅર કન્સલ્ટન્ટ કારકિર્દીની શરૂઆત ભાવિ સ્ટેટ મૉડેલના હેલ્થ સિસ્ટમના કાર્યપ્રવાહના ઉપયોગ અને અમલીકરણથી કરી હતી. તે પણ 'વ્યવસાય નવીનતા' તથા 'પ્રક્રિયા વિકાસ' વ્યવસ્થાપન ટીમની સાથે રહીને આરંભ કર્યો હતો. શરૂઆતના ગાળાથી જ લેરીએ વૈશ્વિક આરોગ્ય અંગેની પોતાની અભિરુચિ વિકસાવી હતી અને ખાસ કરીને ચીલેના સાંતીયાગો શહેરમાં કુપોષિત નવજાત શિશુ અને બાળકો માટેના ક્લીનીકમાં સ્વૈચ્છિક સેવાઓ આપીને. આ જુસ્સો છેક 'વિલિયમ જે. ક્લીન્ટન ફેલોશિપ'ના ઉપક્રમે ભારતમાં આવ્યા બાદ પણ ચાલુ જ રહ્યો. ભારતમાં, ગુજરાત રાજ્યમાં શહેરી ઝૂંપડપટ્ટીઓ માટે શૌચાલય મૉડેલના નિર્માણ માટે તેમને આ ફેલોશીપ આપવામાં આવી હતી. લેરી હાલમાં સાનફ્રાન્સિસ્કોસ્થિત 'પ્રાઈસવોટર હાઉસકુપર્સ' માટે હેલ્થ કૅર કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત છે.


HDRC
1977
St. Xavier's Non-Formal Education Society

**માનવ વિકાસ અને સંશોધન કેન્દ્ર**
સેંટ ઝેવિયર્સ નોન-ફોર્મલ એજ્યુકેશન સોસાયટી
સેંટ ઝેવિયર્સ કૉલેજ કેમ્પસ, નવરંગપુરા,અમદાવાદ – ૩૮૦ ૦૦૯. ગુજરાત, ભારત.
ફોન નંબરઃ (૦૭૯-૨૬૩૦૪૯૨૮), ફેક્સ નંબરઃ (૦૭૦-૨૬૩૦૭૮૪૫)
ઈમેલઃ hdrc@sxnfes.org • વેબસાઈટઃ www.hdrc-sxnfes.org

anandpress@gmail.com